# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-03-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1. વિધાનસભામાં આજે માર્ગ અને મકાન વિભાગની 24 હજાર 705 કરોડ રૂપિયાની અંદાજપત્રીય માગણીઓ મંજૂર
2. રાજ્યમાં આ વર્ષે PHC અને CHC ખાતે વર્ગ બે-ના એક હજાર 921 તબીબની ભરતી કરાશે.
3. R.T.I. કાયદાનો દૂરૂપયોગ કરી લોકોને છેતરનારાઓ સામે કડક કાર્યવાહી કરાશે.
4. સુરેન્દ્રનગરમાં બે દિવસના ચોટીલા ઉત્સવનો આજથી પ્રારંભ
5. રાજ્યના 19 જિલ્લામાં આગામી 48 કલાક સુધી હીટવેવની આગાહી

--------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# MARG MAKAN VIBHAG MANJURI

વિધાનસભા ગૃહમાં માર્ગ અને મકાન વિભાગની વર્ષ 2025-26ની 24 હજાર 705 કરોડ રૂપિયાની અંદાજપત્રીય માગણીઓ મંજૂર કરવામાં આવી છે. ગૃહમાં મુખ્યમંત્રી વતી માગણીઓ રજૂ કરતા રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું, માર્ગ અને મકાન વિભાગની માંગણીઓમાં ગત વર્ષની સરખામણીએ બે હજાર 542 કરોડ એટલે કે, 11.47 ટકા જેટલો વધારો કરી આ માગણીઓ મંજૂર કરવામાં આવી છે.

શ્રી વિશ્વકર્માએ કહ્યું, ઉત્તર ગુજરાતનું સૌરાષ્ટ્ર સાથે જોડાણ કરવા ડીસા-પીપાવાવ સુધીનો 430 કિલોમીટર લંબાઈના નમોશક્તિ એક્સપ્રેસ-વેને 36 હજાર 120 કરોડ રૂપિયાની અંદાજિત રકમથી વિકસાવાશે. જ્યારે હાઈસ્પીડ કૉરિડોર પ્રોજેક્ટ અંતર્ગત એક હજાર 155 કિલોમીટર લંબાઈના રસ્તાને 10 હજાર કરોડ રૂપિયાની રકમથી ગરવી ગુજરાત હાઈસ્પીડ હાઈ-વે પ્રોજેક્ટ તરીકે વિકસાવવા પ્રથમ તબક્કામાં 12 રસ્તાનો વિકાસ કરાશે.

. . . . . . . . . . . . . .

# AROGYA SANSTHA BHARATI

રાજ્યભરમાં આ વર્ષે જાહેર આરોગ્ય કેન્દ્ર- P.H.C. અને સામુદાયિક આરોગ્ય કેન્દ્ર- C.H.C. ખાતે વર્ગ- બેના એક હજાર 921 તબીબની ભરતી કરાશે. ગુજરાત વિધાનસભા ગૃહમાં PHC અને CHCમાં વર્ગ એકથી ચારમાં ભરાયેલી જગ્યાઓ અને ખાલી મહેકમ અંગે માહિતી આપતા આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું,

રાજ્ય આરોગ્ય સેવાઓમાં વર્ગ એકની એક હજાર 146 જગ્યાઓ ભરવા G.P.S.C.માં માંગણાપત્રક મોકલાયા છે. તે પૈકી C.H.C.માં નિમણૂક આપી શકાય તેવા વિવિધ સંવર્ગની 947 જગ્યા છે.

રાજ્યના સામૂહિક આરોગ્ય કેન્દ્રો ખાતે વર્ગ ત્રણની પેરા-મેડિકલ સંવર્ગની 865 જગ્યાઓ માટેના માંગણાપત્રક તૈયાર કરવાની કામગીરી ચાલી રહી છે અને તે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળને મોકલાશે. તેમ જ નર્સિંગ સંવર્ગની એક હજાર 902 જગ્યા માટે G.T.U. દ્વારા લેવાયેલી પરીક્ષાનું પરિણામ ટૂંક સમયમાં જાહેર કરાશે તેમ શ્રી પટેલે ઉમેર્યું હતું.

. . . . . . . . . . . . . .

## Kharicut Canal

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ મહાનગરપાલિકાને ખારીકટ કેનાલના પુનઃવિકાસના બીજા તબક્કાની કામગીરી માટે અંદાજે રૂપિયા એક હજાર ત્રણ કરોડના કામોની  મંજૂરી આપી છે.

જેમાં સરદાર પટેલ રીંગ રોડથી નરોડા સ્મશાન ગૃહ, વિંઝોલ વહેળાથી ઘોડાસર સુધી તેમ જ ઘોડાસરથી વટવા ગામ અને વટવા ગામથી સરદાર પટેલ રીંગ રોડ સુધીની હયાત કેનાલને પુનઃવિકસિત કરવાની કામગીરી અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરાશે.

અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા આ ખારીકટ કેનાલની કુલ લંબાઈ પૈકી પ્રથમ તબક્કામાં નરોડા સ્મશાનથી વિંઝોલ વહેળા સુધીની ૧૨.૭૫ કિલોમીટરની લંબાઈમાં કેનાલ વિકાસની કામગીરીનું ૮૦ ટકા કામ પૂર્ણ થયુ છે. પ્રથમ

તબક્કામાં માટેફાળવવામાં આવેલા રૂપિયા એક હજાર ૩૩૮ કરોડ માંથી અત્યાર સુધીમાં ૭૦૦ કરોડ રૂપિયાથી વધુનો ખર્ચ થયો છે.

. . . . . . . . . . . . . .

## Gandhinagar Budget

**ગાંધીનગર મહાનગરપાલિકાનું વર્ષ 2025-26 માટેનું એક હજાર 718 કરોડ રૂપિયાનું વાર્ષિક અંદાજપત્ર મંજૂર કરાયું છે. મહાનગરપાલિકાની મુખ્ય કચેરી ખાતે મેયર મીરાં પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી સામાન્ય સભામાં મહાનગરપાલિકાના તમામ સભ્યોએ અંદાજપત્રને સમર્થન આપ્યું હતું. મેયર મીરાં પટેલે આ અંગે માહિતી આપી હતી.**

**(બાઈટઃ મીરાં પટેલ, મેયર, ગાંધીનગર મહાનગરપાલિકા)**

. . . . . . . . . . . . . .

## SAGHAVI ON RTI

માહિતીનો અધિકાર- R.T.I. કાયદાનો દૂરૂપયોગ કરી નિર્દોષ લોકોને છેતરતા લોકો સામે કડક કાર્યવાહી કરાશે. ગુજરાત વિધાનસભા ગૃહમાં આ અંગે માહિતી આપતા ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું, "રાજ્યભરમાં આ કાયદાનો દૂરુપયોગ કરનારા લોકો સામે 67 ગુના નોંધી કડક કાર્યવાહી કરવામાં આવી છે. આવનારા દિવસોમાં પણ આવા લોકો સામે કડક કાર્યવાહી કરાશે તેમ

જ R.T.I. કાયદાનો દૂરુપયોગ બિલકુલ ચલાવી નહીં લેવાય તેમ શ્રી સંઘવીએ ઉમેર્યું હતું.

શ્રી સંઘવીએ R.T.I.ના નામે લોકોને છેતરતા નિષ્ણાતો અંગે તાત્કાલિક પોલીસને જાણ કરવા પણ અપીલ કરી હતી. સુરતની ઘટનાનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું, સુરત પોલીસે વધુ એક R.T.I. નિષ્ણાતને 50 હજાર રૂપિયાની રકમ સાથે રંગેહાથ પકડ્યો હતો.

. . . . . . . . . . . . .

# GOVT COLLEGE BHARATI

રાજ્યની સરકારી અને અનુદાનિત મહાવિદ્યાલયોમાં વિવિધ સંવર્ગની ભરતી વાર્ષિક સમયપત્રક મુજબ કરાશે. ગુજરાત વિધાનસભા ગૃહમાં છોટાઉદેપુર જિલ્લામાં સરકારી અને અનુદાનિત મહાવિદ્યાલયોમાં મંજૂર મહેકમના પ્રશ્નના જવાબમાં શિક્ષણ રાજ્યમંત્રી પ્રફૂલ પાનશેરિયાએ આ માહિતી આપી હતી.

શ્રી પાનશેરિયાએ કહ્યું, છોટાઉદેપુર જિલ્લામાં વિવિધ સંવર્ગની 43 મંજૂર મહેકમ સામે 29 જગ્યા ભરાઈ છે. જ્યારે 14 ખાલી જગ્યાઓ ઝડપથી ભરાશે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ

ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

## KAUSHALYA MoU

રાજ્ય સરકારના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હેઠળની કૌશલ્યા- ધ સ્કીલ યુનિવર્સિટી- K.S.U.એ ફાઈન્ડ જૉબ્સ જર્મની અને ડૉક્ટર સ્કીલ આઉટરીચ પ્રાઇવેટ લિમિટેડ ભારત સાથે ત્રિપક્ષીય સમજૂતી કરાર- MoU કર્યા છે.

MoUનો મુખ્ય ઉદ્દેશ પ્રવાસન, આગતાસ્વાગતા અને લોજિસ્ટિક્સ ક્ષેત્રમાં કુશળ માનવબળ વિકસાવવા સહયોગી માળખું વિકસાવવાનો છે. આ ભાગીદારી ઉદ્યોગની જરૂરિયાત મુજબ, અભ્યાસક્રમનું નિર્માણ કરવું, પ્રાયોગિક તાલીમની સુવિધા આપવા અને વિદ્યાર્થીઓ માટે વધુ સારી રોજગાર ક્ષમતા સુનિશ્ચિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. વધુમાં તે ફેકલ્ટી વિકાસ કાર્યક્રમ, ટ્રેઈનિંગ ઑફ ટ્રેનર- ToT અને શિક્ષણ અને ઉદ્યોગ વચ્ચેના અંતરને દૂર કરવા ઉદ્યોગ નિષ્ણાતો સાથેની સહભાગિતાને સક્ષમ બનાવશે.

. . . . . . . . . . . . .

## DWARKA POLICE SECURITY

ભગવાન શ્રીકૃષ્ણની નગરી દેવભૂમિદ્વારકામાં ફાગણ પૂનમના દિવસે યોજાનારા ફૂલડોલ ઉત્સવમાં આ વખતે એક હજાર 400 જેટલા પોલીસ કર્મીઓને બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. પદયાત્રીઓ અને ભક્તો સરળતાથી કાળિયા ઠાકોરના દર્શન કરી શકે તે માટે વહીવટી તંત્ર દ્વારા વ્યવસ્થા કરવામાં આવી છે. આ અંગે નાયબ જિલ્લા પોલીસ અધીક્ષક સાગર રાઠોડે માહિતી આપી.

**(બાઈટઃ સાગર રાઠોડ, DySP)**

. . . . . . . . . . . . . .

# Ankleshwar Extra S.T. Buses

ભરૂચ જિલ્લાના અંકલેશ્વર એસટી વિભાગ દ્વારા હોળી-ધુળેટીના પર્વને ધ્યાને લઈ વધારાની 30 જેટલી બસ દોડાવાશે. દાહોદ, પંચમહાલ અને ડેડીયાપાડા તેમ જ સેલંબાના શ્રમજીવીઓ માટે 13 માર્ચ સુધી દરરોજ 30થી વધુ વધારાની બસ દોડાવવાનું આયોજન કરાયું છે. અંકલેશ્વર ડેપો મેનેજર જે.વી.ગાવીતે આ અંગે માહિતી આપી હતી.

. . . . . . . . . . . . . .

# CHOTILA UTSAV

**પ્રવાસન મંત્રી મુળૂભાઈ બેરા સુરેન્દ્રનગરના ચોટિલા ખાતે આજથી બે દિવસ યોજાનારા ચોટીલા ઉત્સવનો પ્રારંભ કરાવશે. આ ઉત્સવમાં વિવિધ**

**સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરાશે. સાંભળીએ સુરેન્દ્રનગરના અમારા પ્રતિનિધિ દિનેશ પરમારનો એક અહેવાલ.**

**(વૉઈસકાસ્ટઃ દિનેશ પરમાર)**

**ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકાર દ્વારા વર્ષ 2014-15થી સોમનાથ, અંબાજી, દ્વારકા સહિતના 11 યાત્રાધામ ખાતે બે દિવસનાં ઉત્સવનું આયોજન કરાય છે.**

. . . . . . . . . . . . .

## Laxmanphool Pagar - passes away

આકાશવાણી અમદાવાદના વરિષ્ઠ તબલાવાદક લક્ષ્મણ ફૂલ પગારેનું આજે અમદાવાદ ખાતે અવસાન થયું છે. તેઓ ૮0 વર્ષના હતા. તેમણે સંગીત ક્ષેત્રે તબલા વાદક તરીકેની કારકિર્દીનો આરંભ આકાશવાણી ભુજથી કર્યો હતો. તેમણે નિવૃત્તિ સુધી આકાશવાણી અમદાવાદ ખાતે ફરજ બજાવી હતી અને ઘણા કાર્યક્રમો થકી સંગીત ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન આપ્યું હતું. પોતાના મિલનસાર સ્વભાવથી તેમણે આકાશવાણી પરિવારમાં ચાહના મેળવી હતી. તેમની અંતિમ યાત્રા આવતીકાલે બુધવારના રોજ સાડા આઠ વાગે તેમના નિવાસસ્થાનથી નીકળી વાડજ સ્મશાન ગૃહ જશે.

. . . . . . . . . . . . .

## WEATHER

રાજ્યના 19 જિલ્લામાં આગામી 48 કલાક સુધી અતિશય ગરમીનું મોજું ફરી વળવાની એટલે કે, હીટવેવની આગાહી છે. હાલમાં અનેક જિલ્લામાં લઘુત્તમ તાપમાન સામાન્ય કરતાં પાંચથી આઠ ડિગ્રી સેલ્સિયસ વધુ નોંધાયું છે. બીજી તરફ સૌરાષ્ટ્ર, કચ્છ અને દક્ષિણ ગુજરાતના વિવિધ જિલ્લામાં રેડ એલર્ટ, મધ્ય અને ઉત્તર ગુજરાતના કેટલાક ભાગમાં ઑરેન્જ અલર્ટ જાહેર કરાયું હોવાનું હવામાન ખાતાના નિદેશક ડૉ. એ. કે. દાસે જણાવ્યું હતું.

**(બાઈટઃ ડૉ. એ. કે. દાસ, નિદેશક, હવામાન વિભાગ)**

. . . . . . . . . . . . . .